# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in










# પ્રિય સન્નારી

કેમ છો?

આપણો રાષ્ટ્રીય તહેવાર એટલે કે ‘ગણતંત્ર દિવસ’ આવી રહ્યો છે. આશા છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે સૌ તેમાં ઉત્સાહથી ભાગ લઈશું. ૨૬ મી જાન્યુઆરી એટલે આપણી લોકશાહી ઉજવવાનો દિવસ, આપણા બંધારણીય હકો અને ફરજોનો ઉત્સવ મનાવવાનો દિવસ. આ દિવસે આપણા દેશની સત્તા પ્રજાને એટલે કે ભારતના લોકોને સોંપવામાં આવેલી, આપણા બંધારણનું ઘડતર થયેલું . જેમાં સ્ત્રીઓને લગતાં ઘણા નિયમો ઘડવામાં આવ્યા હતા જેથી તેમને પણ સમાન અધિકાર મળી શકે છતાં અમુક સમાચાર આપણી વિચારસરણીમાં પરિવર્તન આવ્યું છે એ વાત પર પ્રશ્નચિહ્ન મૂકી દે છે.





હાલમાં એક ન્યૂઝ તમે પણ વાંચ્યા હશે કે એક દંપતીએ ૧૦ દીકરીઓને જન્મ આપ્યા બાદ એક પુત્રને જન્મ આપ્યો. આ ન્યૂઝ સાંભળતા જ આપણને ૧૯મી સદીમાં હોવાનો અનુભવ થઈ જાય છે કારણ કે ત્યારે ખરેખર આવી પરિસ્થિતિ હતી. લોકો ૮-૧૦ સંતાનો લાવતાં અને વળી પહેલાં છોકરીઓ હોય તો એક પુત્ર ન આવે ત્યાં સુધી બાળકોને જન્મ આપતાં પરંતુ હવે તો આપણે જ સમજવું જોઈએ કે આપણે ૨૦૨૬ માં પ્રવેશ કરી ચૂક્યા છીએ. પહેલાં તો આર્થિક દ્રષ્ટિએ વિચારી જોઈએ તો શું આજના જમાનામાં ૧૧ સંતાનોને યોગ્ય શિક્ષણ આપવું અને ભરણપોષણ કરવું શું સહેલું છે? શિક્ષણ અને યોગ્ય પોષણ એ દરેક બાળકની પ્રાથમિક જરૂરિયાત હોય છે પછી તે છોકરો હોય કે પછી છોકરી. સતત વધતી જતી મોંઘવારીમાં ૧૧ સંતાનોને મોટા કરવા આર્થિક દ્રષ્ટિએ મુશ્કેલ છે. હવે સામાજિક દ્રષ્ટિએ પણ વિચાર કરી જોઈએ કે શું સંતાનમાં છોકરો હોવો જરૂરી છે? એક છોકરી કે ફક્ત છોકરીઓ જ હોય એમાં શું ખોટું છે? પહેલાંના જમાનામાં એવું વિચારતાં કે પુત્ર જ અગ્નિસંસ્કાર કરી શકે, પુત્ર જ તમારા કુટુંબનો વંશવેલો આગળ વધારી શકે પરંતુ આજના સમયમાં દીકરી અગ્નિસંસ્કાર પણ કરી શકે છે, પોતાનાં માતા-પિતાની સેવા પણ કરે છે, ફક્ત એક જ ઘરમાં નહિ, બંને ઘરમાં પ્રકાશ ફેલાવી શકે છે. તો પછી પુત્રનો આટલો બધો મોહ શા માટે? જો પહેલા ખોળે પુત્રીનો જન્મ થયો હોય તો બીજો તો પુત્ર જ થવો જોઈએ એવું વિચારવાવાળા ઘણા લોકો હજી પણ આપણા સમાજમાં છે. ‘હજી કેટલી છોકરીઓ લાવશે?’, એવું બોલનારા પણ છે. આ દંપતીએ તો ૧૦ પુત્રીઓને જન્મ તો આપ્યો! બાકી, ઘણા તો ગર્ભપાત જ કરાવી લે છે. એક રીતે સૌથી સુરક્ષિત જણાતું સ્થાન માતાનો ગર્ભ જ દીકરીઓની કબર બની જાય છે.

આજે સ્ત્રીઓની સિધ્ધિ કંઈ ઓછી નથી. એ દરેક કાર્ય કરી શકે છે પછી તે ઘર ચલાવવાનું હોય કે દેશ, બાળકોનું જતન કરવાનું હોય કે સરહદ પર સંહાર કરવાનો હોય. દરેક ક્ષેત્રમાં તેણે સફળતા મેળવી છે છતાં પણ સમાજમાં તેના જન્મનો સ્વીકાર કેમ નથી થતો? સ્ત્રીભ્રૂણ હત્યાને કારણે ભવિષ્યમાં પુરુષોની સંખ્યાની સામે સ્ત્રીઓની સંખ્યા ઓછી થઈ જશે. આવી પરિસ્થિતિ વધુ જોખમી હોય છે. તેના કારણે સમાજમાં સ્ત્રીઓની અસુરક્ષિતતા વધી જશે, બળાત્કારની ઘટનાવધવાલાગશે.પુરુષોને લગ્ન કરવા માટે સ્ત્રી મળશે નહિ. કદાચ, આવું જો ચાલતું રહેશે તો પોલીએન્ડ્રી જેવી પરિસ્થિતિ થઈ જશે જેમાં અનેક પુરુષોએ એક સ્ત્રી સાથે લગ્ન કરવા પડશે!

જો કે પુત્રનો મોહ માત્ર અશિક્ષિત કે નીચલા વર્ગમાં જ જોવા નથી મળતો. શિક્ષિત અને અતિ શ્રીમંતોમાં પણ પુત્રઘેલછા જોવા મળે છે અને એ માટે તેઓ પ્રયન્તશીલ પણ હોય છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ જોઈએ તો એક સ્ત્રી જયારે બાળકને જન્મ આપે છે ત્યારે ખરેખર તો તેનો બીજો જન્મ થયો એવું માનવામાં આવે છે કારણ કે બાળકને જન્મ આપવામાં સ્ત્રીએ અત્યંત પીડામાંથી પસાર થવું પડે છે. તેનું શરીર નબળું પડી જાય છે. એટલે જ તો બાળકના જન્મ પછી માતાની ખાસ કાળજી લેવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં એક કે બે નહિ પરંતુ ૧૧ વખત માતા બનવાનું જોખમ લેવું કેટલું યોગ્ય છે? ફક્ત પુત્ર મોહને કારણે તમે એક સ્ત્રીનું જીવન જોખમમાં મૂકવા કેવી રીતે તૈયાર થઈ શકો? આ સવાલ એ દંપતીને જ નહિ પણ આપણને સૌને થવો જોઈએ. સ્ત્રી તરીકે આપણે જ જો સ્ત્રીનો સ્વીકાર ન કરીએ તો પછી સમાજ પાસેથી અપેક્ષા કેવી રીતે રાખી શકાય? એક સુરક્ષિત સમાજનું ઘડતર સ્ત્રી જ કરી શકે છે તો પહેલ પણ આપણે જ કરવી પડશે. તમે શું માનો છો? ચોક્કસ જણાવજો .

ચાલો, આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે...

– સંપાદક

## સપ્તાહની તસવીર



**‘પ્રજાસત્તાકદિન’ નિમિત્તે ‘સન્નારી’**ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર ઉન્નતિ ધર્મેશ સુરતી અને ખુશી પ્રજાપતિની છે. ઉન્નતિ મોડેલિંગ કરે છે. ખુશી પ્રોફેશનલ મોડેલ અને ઈન્ફ્લુએન્સર છે. એને ડાન્સ, મ્યુઝિક અને ફરવું પસંદ છે.